# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | AGM ની મીનીટ્સ | ૨ |
| ૨ | ગેઝીયા વર્ષ ૨૦૧૫-૨૦૧૬ ના પ્રોગ્રામની વિગત | ૪ |
| ૩ | આધાર કાર્ડ કઢાવવા માટેની કાયમી સીસ્ટમ્સ અંગે | ૬ |
| ૪ | GIDC ના તથા અન્ય GR પરિપત્રો | ૭ |
| ૫ | WI-FI | ૧૮ |
| ૬ | GST ભારત એક બજાર વિહંગાવલોકન | ૧૯ |

# Minutes of the 9th AGM Held on 27-08-2016, 5-00 pm @ GEZIA Auditorium Hall, Sector-25, Gandhinagar

આજરોજ તારીખ ૨૭-૦૮-૨૦૧૬ ને શનિવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે અત્રેની ગેજીયા ઓફિસે આવેલ ઓડીટોરીયમ હોલમાં ગેજીયાના મેમ્બરશ્રીઓની વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવી સભ્યશ્રીઓનું પૂરતું કોરમ ન હોઈ એજન્ડા મુજબ ૩૦ મીનીટ બાદ ૫-૩૦ કલાકે મીટીંગની શરૂઆત કરવામાં આવી. પ્રમુખશ્રી દ્વારા સૌ પ્રથમ ગત તારીખ ૨૧-૦૯-૨૦૧૫ના રોજ અકસ્માતે મૃત્યુ પામનાર ગેજીયાના કોન્ટ્રાકટરશ્રી અજયભાઈ પી. પટેલ તથા તેમની સાથે કામ કરતા કામદારશ્રી કાનાભાઈ બારૈયાનું આકસ્મિક નિધન થયેલ તે અને અક્ષરવાસી થયેલ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને ગેજીયાના ઉદ્યોગકાર શ્રી લાલવાણી સાહેબનું પણ દુઃખદ નિધન થવાથી તેઓના આત્માને શાંતિ અર્થે સભામાં બે મીનીટનું મૌન પાડી તેઓને શ્રધ્ધાંજલી અર્પવા ગેજીયાના ઉદ્યોગકારશ્રીઓને વિનંતી કરતા સૌ સભામાં પોતાની જગ્યાએ ઉભા થઈ બે મીનીટ મૌન પાડેલ. ત્યારબાદ એજન્ડા મુજબની કામગીરી હાથ ઉપર લેવામાં આવી.

**એજન્ડા નં. (૧)** **પ્રથમ ગેજીયાના સેક્રેટરીશ્રી સુધિરભાઈ વિચારે દ્વારા સભાની શરૂઆત વાર્ષિક સામાન્ય સભામાં પધારેલ સર્વે મેમ્બરશ્રીઓના અભિવાદન અને પ્રાસંગિક પ્રવચન સાથે કરવામાં આવી.**

**એજન્ડા નં. (૨)** **વાર્ષિક સામાન્ય સભાના અધ્યક્ષશ્રીની વરણી બાબત.**

ઠરાવ નં. (૨) પોતાના પ્રવચન બાદ શ્રી સુધિરભાઈ વિચારે દ્વારા આ સભાનું સંચાલન કરવા અધ્યક્ષપદ માટેના નામની દરખાસ્ત કરવા વિનંતી કરતાં સભામાંથી શ્રી નિતેષભાઈ પટેલ બી-૪૮ લુનાર ઈલેક્ટ્રોનિક્સ દ્વારા એપેક્ષ ઈલેક્ટ્રોનિક્સ પ્લોટ નંબર-૨૩૬/૧ના માલિકશ્રી રાહુલભાઈ મહેતાનું નામ સૂચવવામાં આવ્યું જેને સભામાં હાજર તમામ મેમ્બરશ્રીઓએ ટેકો આપ્યો હતો અને શ્રી રાહુલભાઈ મહેતાની આજની સામાન્ય સભાના અધ્યક્ષપદે વરણી કરવામાં આવી હતી. તેઓશ્રીને ગેજીયાના પ્રમુખશ્રી એચ.એમ.પટેલ અધ્યક્ષશ્રીની ડાયસ સુધી દોરી ગયા હતા. ત્યારબાદ આ સ્ટેજ ઉપર બિરાજમાન સર્વે મહેમાનોના હસ્તે દિપ પ્રગટાવી ગણેશજીની સ્તુતિ શરૂ કર્યા બાદ સભાનું સંચાલન અધ્યક્ષશ્રી દ્વારા શરૂ કરાતાં હાજર સહુ સભ્યોને આવકારતાં સૌને શાંતિથી પોતાના પ્રશ્નો રજુ કરી સદભાવના સાથે સામાન્ય સભાને સફળ બનાવવા સહુને પોતાનો સાથ સહકાર આપવા વિનંતી કરી હતી.

શ્રી રાહુલભાઈ મહેતાનું સ્વાગત ટોપસન એનર્જીના શ્રી ચાણક્યભાઈ પટેલ દ્વારા બુકે આપી કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સભાનું સંચાલન તેમના અધ્યક્ષપદે શરૂ કરવામાં આવ્યું અને વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી.

**એજન્ડા નં. (૩)** **ગેજીયા પ્રમુખશ્રી/સેક્રેટરી દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલ વિવિધ કામો અંગે અહેવાલ અને સામાન્ય સભાની બહાલી.**

ઠરાવ નં. (૩) ગેજીયા દ્વારા એસ્ટેટમાં વર્ષ દરમ્યાન વિવિધ કામો કરવામાં આવ્યા હતા તે અંગે પ્રમુખશ્રી દ્વારા PPT પ્રેઝન્ટેશન દ્વારા મુદ્દાસર માહિતી આપી રજુ કરવામાં આવ્યું અને તેનાથી હાજર તમામ સભ્યોએ ગેજીયા દ્વારા કરવામાં આવતી વિવિધ ક્ષેત્રની કાર્ય પધ્ધતિને તાલીઓના ગડગડાટથી વધાવી તમામ કામોને સભા દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ છે.

**એજન્ડા નં. (૪)** **ટ્રેઝરરશ્રી દ્વારા વર્ષ-૨૦૧૫-૧૬ના ઓડીટેડ હિસાબો રજુ કરવા અને સભાની મંજુરી બાબત.**

ઠરાવ નં. (૪) આ અંગે ગેજીયાના ટ્રેઝરર શ્રી રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા ગેજીયાના વર્ષ-૨૦૧૫-૧૬ના ઓડીટેડ હિસાબો રજુ કરવામાંઆવ્યા હતા. જે સર્વાનુમને મંજુર કરવામાં આવ્યા.

એજન્ડા નં.(૫) આગામી વર્ષ માટે ઓડીટરશ્રી/કંપની સેક્રેટરીશ્રીની નિમણૂંક બાબત.

ઠરાવ નં. (૫) આ અંગે સભામાં ચર્ચા દરમ્યાન સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવ્યું કે ગત વર્ષે પણ આપણે આ બંને ઓડીટરશ્રી/કંપની સેક્રેટરીશ્રીની નિમણૂક કરી હતી. તેઓનું કામ સંતોષકારક લાગતાં હાલ જે ચાલુ ઓડીટરશ્રી/ કંપની સેક્રેટરીશ્રી છે તેમની પુનઃ નિમણુંક કરી શકાય જેમા સર્વાનુમતે ઓડીટરશ્રી તરીકે શ્રી જોય બક્ષીની અને કંપની સેક્રેટરીશ્રી તરીકે શ્રી કિરણભાઈ પટેલની નિમણુંક કરવા માટે હાજર તમામ સભાસદો દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

**એજન્ડા નં. (૬)** **સભાના અધ્યક્ષશ્રી તરફથી જે કંઈ રજુ થાય તે ચર્ચા-વિચારણા હેઠળ લઈ મંજુર કરવા અંગે.**

ઠરાવ નં. (૬) આ બાબતે અધ્યક્ષશ્રીની મંજુરી લઈ ગેજીયા પ્રમુખશ્રી દ્વારા ગત તારીખ ૨૧-૦૯-૨૦૧૫ના રોજ ગેજીયા કોન્ટ્રાકટરશ્રી અજયભાઈ પટેલ અને તેઓના લેબરશ્રી કાનાભાઈનું આકસ્મિક અવસાન થવાથી લેબરશ્રી

કાનાભાઈને તેમની વિમારકમ કલોલ લેબર કોર્ટ દ્વારા ચુકવણીની પ્રક્રિયા ચાલુ છે.

આમ આ બંનેના નિધન થવાથી બંને પરિવારોને ન પુરાય તેવી ખોટ પડી છે શ્રી અજયભાઈ પટેલ દ્વારા તેમના કામદારોના વિમાકવચને લીધે શ્રી કાનાભાઈને ઉપરોક્ત વિમારાશીની રકમ મળશે પરંતુ શ્રી અજયભાઈના વારસોને તેઓનો પોતાનો વિમો ન હોવાને કારણે કોઈ રકમ મળે તેમ નથી નુકશાન તો બંને પક્ષે સરખું જ થયું છે તેથી માનવતાના ધોરણે શ્રી અજયભાઈને પણ કાનાભાઈના વારસોને જે રકમની સહાય મળેલ છે તેટલી જ રકમ જીઆઈડીસી દ્વારા મળે તે માટે આગળ ઉપર કાર્યવાહી કરવા માટે સભા દ્વારા ગેજીયા કમિટીને સર્વે સત્તા આપવાનો ઠરાવ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યો હતો.

**એજન્ડા નં. (૭)** **આગામી વર્ષ માટે બોર્ડ ઓફ ડાયરેકટરશ્રીની નિમણુંક બાબત.**

ઠરાવ નં. (૭) આ અંગે ગેજીયાએ કંપની એક્ટ મુજબ નોંધાયેલ હોવાથી દર બે વર્ષે બે ડાયરેકટશ્રી રીટાર્યડ થતા હોય છે ચાલુ સાલે શ્રી અમૃતભાઈ એચ. પટેલ અને ચિંતનભાઈ પટેલ રીટાર્યડ થઈ રહ્યા છે. સભામાં આ અંગે જાહેરાત કરવામાં આવી અને આ બાબતે ગેજીયામાં સમય મર્યાદામાં કોઈ નવી અરજી આવેલ નથી તેથી હાલમાં રીટાર્યડ થતા બંને ડાયરેકટરશ્રીઓની પૂર્વ પરવાનગી લીધા બાદ અને તેઓનું કામ સંતોષકારક લાગતાં તેઓને રી-એપોઈન્ટ કરવાની જાહેરાત સભાના અધ્યક્ષશ્રી દ્વારા કરવામાં આવી જેને હાજર તમામ સભાસદો દ્વારા સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી અને અધ્યક્ષશ્રી દ્વારા તેઓને ગેજીયાના બોર્ડ ઓફ ડાયરેકટરમાં ફરીથી રી-એપોઈન્ટ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ અધ્યશ્રીએ ગેજીયાની વાર્ષિક સામાન્ય સભા એજન્ડા મુજબ પુરી થયેલી જાહેર કરી હતી અને હવે પછી ઉદ્યોગના વિકાસ માટે જે પણ ઉદ્યોગકારોને પોતાના વિચારો, સજેશનો વગેરે રજુઆત કરવા જણાવ્યું હતું જેને આગામી વર્ષમાં કારોબારી દ્વારા ધ્યાને લઈ તેમાંથી બને તેટલા પ્રશ્નોનું નિરાકરણ કરવા પ્રયત્નો કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

શ્રી સમીરભાઈ ત્રિવેદી (ઈ-૮૦) દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સરકારશ્રી સાથે રહીને તેઓ દ્વારા પોતાના યુનીટ ઈ-૮૦માં આધારકાર્ડ બનાવવા માટે કાયમી વ્યવસ્થા કરવામાં આવેલ છે જેનો લાભ લેવા દરેકને અનુરોધ કર્યો હતો. શ્રી સમીરભાઈ ત્રિવેદી (ઈ-૮૦) દ્વારા સર્વિસટેક્ષ અંગે માહિતી આપી હતી. પેનલ્ટી તથા આ બાબતે તેના સ્પીકર લાવી દરેક ઉદ્યોગકારોને મદદરૂપ થાય તે માટે લીગલ એડવાઈઝર રાખવાનું સૂચના કર્યું હતું.

ગેજીયા દ્વારા આ અંગે કન્સલ્ટન્ટની MPanel કરવાની ભલામણ રાહુલભાઈ મહેતા દ્વારા સૂચવવામાં આવી હતી.

બી-૧૫૧ રોયલ સર્કિટના શ્રી અલ્પેશભાઈ સુખડીયા દ્વારા એસ્ટેટમાં આવેલા ગેટને નંબર તેમજ દરેક ગેટ ઉપર ગેજીયાનું નામ લખવા, ગેટ ઉપર સી.સી.ટી.વી. કેમેરા મુકવા, વાઈફાઈ ફેસીલીટી એસ્ટેટમાં શૌચાલયની સગવડ, સ્ટ્રીટ લાઈટ ફરીયાદ, અને ઝોન વાઈઝ બોર્ડ, લારીગલ્લાના દબાણ અંગે તેમજ કોલવડા રોડ ઉપર લાઈટો મુકવા વગેરે સૂચનો કર્યા હતા તેમાં ગેજીયના કાર્યક્ષેત્રમાં આવતી કાર્યવાહી કરવાની ખાત્રી પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવી હતી.

અમૃતભાઈ પટેલ - જય અંબે લેમીનેશન દ્વારા એસ્ટેટમાં અમુક ગેટ બંધ કરવા સૂચન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી દ્વારા પી.પી. એરીયામાં કિયોસ્ક અંગે નવી ઉભી વ્યવસ્થા કરવાની ભલામણ કરવામાં આવી હતી.

છગનભાઈ પટેલ (ઈ-૧૦૬) દ્વારા સભાસદનોને પ્રોડક્ટ ક્વોલીટી અંગે ખૂબ જ સરસ માહિતી આપવામાં આવી હતી. સારી ક્વોલીટી બનાવવા ભાવ વ્યાજબી રાખવો માર્જીન એમાન્ટ પણ મીનીમમ રાખવો જોઈએ, ખરીદી સમયે જે ક્વોલીટી આપણે માંગીએ છીએ તેવી રીતે કોઈને માલ આપતી વખતે પણ આપણે સારી ક્વાલીટી આપવી જોઈએ તેવું જણાવ્યું હતું.

શૈલેષભાઈ પી. પટેલ (એક્સ-૨૫) દ્વારા ધંધાના વિકાસ માટે પોતાની મશીનરી અપગ્રેડ કરવાનું અને મેનપાવર ટ્રેનીંગ આપવાનું સૂચન કર્યું હતું.

શ્રી એમ.ડી.શાહ દ્વારા જણાવાયું હતું કે ગ્રાહક સાથે વર્તન પણ અગત્યનો મુદ્દો છે.

દર માસે બધા ગેજીયા મેમ્બરશ્રીઓ એકઠા થાય અને પોતાના અનુભવો શેર કરે તે માટે ગેજીયા ક્લબની રચના કરવામાં આવે અને તે અંગેની જવાબદારી પોતાની સાથે શ્રી દિપકભાઈ મહેતા અને શ્રી ચાણક્યભાઈ સાથે રહીને કરશે તેવું જણાવ્યું હતું.

ગેજીયા આયોજીત સ્પોર્ટ ગ્રાઉન્ડમાં એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવે તો ગુજરાત સરકારની પણ તેમાં મદદ મળે તેવું પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.

બી-૧૬૭ જયંતિલાલ પટેલ દ્વારા પીસીબી યુનીટ એસોસીએશનની મીટીંગ માટે ગેજીયા હોલ વિના મૂલ્યે આપવાની રજુઆત કરવામાં આવી હતી. પરંતુ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આપની મીટીંગ એસ્ટેટના દરેક ઉદ્યોગકારોના હિતમાં હોય તો ગેજીયા ઓડીટોરીયમ હોલ વિના મૂલ્યે આપવામાં આવે જ છે, અન્યથા નિયમાનુસાર આપને તે અંગે ચાર્જ ચુકવવાનો રહેશે.

| **(Rahulbhai Mehta)** | **(H. M. Patel)** | **(Chintanbhai G. Patel)** | **(Sudhir Vichare)** |
|---|---|---|---|
| AGM Chairman | Chairman | Vice Chairman | Secretary |

# Gandhinagar Electronics Zone Industries Association
## GEZIA Working Committee for the year 2016-17

| Sr. No. | Name | Designation | Mobile | Landline | E-mail ID |
|---|---|---|---|---|---|
| 1. | H.M. Patel | President | 93749 91015 | 232 88427 | hmpatel.gnr@gmail.com |
| 2 | Sameerbhai Trivedi | Vice-President | 98252 83855 | 23288833 | sameer@cosmosgroup.in |
| 3 | Sudhirbhai Vichare | Secretary | 98256 16148 | 297 50289 | sudhirvichare@yahoo.com |
| 4 | Rajnibhai J. Kansagra | Jn.Secretary | 98250 66839 | 23287221 | keprejpowertronics@yahoo.com |
| 5 | Rajendra D. Patel | Treasurer | 94260 10838 | 232 87412 | accumax_rdp@yahoo.co.in |
| 6 | M.D. Shah | Jn. Treasurer | 98241 32297 | 23287382 | mdshah2222@gmail.com |
| **ADMINISTRATIVE Committee** | | | | | |
| 1 | Shaileshbhai B. Patel | Member | 98250 41725 | 232 87489 | skepl_shailesh@yahoo.co.in |
| 2 | Niteshbhai Patel | Member | 98251 64826 | 23287237 | lunar.electronics@yahoo.com |
| 3 | M.L. Gondaliya | Member | 98250 83708 | 23287326 | gondaliam@yahoo.com |
| **DEVELOPMENT Committee** | | | | | |
| 1 | Amrutbhai H. Patel | Chairman | 99250 02415 | 23287254 | jayambe_ind@yahoo.co.in |
| 2 | Dipakbhai Mehta | Member | 98240 40157 | 23287145 | info@aurograce.com |
| 3 | M.L. Gondaliya | Member | 98250 83708 | 23287326 | gondaliam@yahoo.com |
| 4 | Sameerbhai Trivedi | Member | 98252 83855 | 23288833 | sameer@cosmosgroup.in |
| **ELECTRICAL Committee** | | | | | |
| 1 | Rajnibhai J. Kansagra | Chairman | 98250 66839 | 23287221 | keprejpowertronics@yahoo.com |
| 2 | Niteshbhai Patel | Member | 98251 64826 | 23287237 | lunar.electronics@yahoo.com |
| 3 | Jayantilal D. Patel | Member | 93288 32938 | 23287249 | dutt_electro@sify.com |
| 4 | Bharatbhai C. Patel | Member | 94273 83957 | ------- | ------------ |
| **WATER SUPPLY Committee** | | | | | |
| 1 | Shaileshbhai B. Patel | Chairman | 98250 41725 | 23287489 | skepl_shailesh@yahoo.co.in |
| 2 | Amrutbhai H. Patel | Member | 99250 02415 | 232 87254 | jayambe_ind@yahoo.co.in |
| 3 | Niteshbhai Patel | Member | 98251 64826 | ---- | lunar.electronic@gmail.com |
| **DRAINAGE Committee** | | | | | |
| 1 | Bharatbhai C. Patel | Chairman | 94273 83957 | ------- | ------------ |
| 2 | Rakeshbhai P .Patel | Member | 98986 16800 | 23287538 | |
| 3 | Dilipsinh Chauhan | Member | 98240 58001 | --------- | ------------- |
| **PURCHASE Committee** | | | | | |
| 1 | Shaileshbhai P. Patel | Chairman | 98250 38473 | 23210846 | ambicaengg1@yahoo.co.in |
| 2 | M.L. Gondaliya | Member | 9825083708 | 232 87326 | gondaliam@yahoo.com |
| **HOUSE KEEPING Committee** | | | | | |
| 1 | Mehboobbhai R. Gori | Chairman | 98790 58197 | ---------- | lalbhai_pcb@yahoo.co.in |
| 2 | Rakeshbhai P .Patel | Member | 98986 16800 | 23287538 | |
| **NEWS LETTER EDITOR & Library Development Committee** | | | | | |
| 1 | M.C. Kashipara | EDITOR | 94260 02426 | 23287372 | nidhi7012@gmail.com |
| 2 | M.D. Shah | Proof Reader | 98241 32297 | 23287382 | mdshah2222@gmail.com |
| **Industries Promotion (Tour & Exhibition) Committee** | | | | | |
| 1 | M.D. Shah | Chairman | 98241 32297 | 23287382 | mdshah2222@gmail.com |
| 2 | Dipakbhai Mehta | Member | 98240 40157 | 23287145 | info@aurograce.com |
| 3 | Brajesh Kumar | Member | 93741 40191 | 23287583 | brajesh@acdriveindia.com |
| 4. | M.L. Gondaliya | Member | 9825083708 | 232 87326 | gondaliam@yahoo.com |
| 5 | Sameerbhai Trivedi | Member | 98252 83855 | 23288833 | sameer@cosmosgroup.in |
| **Cultural Activity Committee - Sport Activates** | | | | | |
| 1 | Sameerbhai Trivedi | Chairman | 98252 83855 | 23288833 | sameer@cosmosgroup.in |
| 2 | Mehboobbhai R. Gori | Member | 98790 58197 | ---------- | lalbhai_pcb@yahoo.co.in |
| 3 | Amrutbhai H. Patel | Member | 99250 02415 | 23287254 | jayambe_ind@yahoo.co.in |
| 4 | Jayantilal D. Patel | Member | 93288 32938 | 23287249 | dutt_electro@sify.com |
| 5 | Chintanbhai G.Patel | Member | 98250 08943 | 232 88804 | cgpatel@topsunenergy.com |

# ગેજીયા માં વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન થયેલ કાર્યો/પ્રોગ્રામોની વિગત

| નં. | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૧.૯.૨૦૧૫ | AGM માં નક્કી થયા મુજબ ગ્રીનસીટીમાં પાણીબિલના દરમાં વધારો અમલમાં મુક્યો |
| ૨ | | ગ્રીનસીટીને નર્મદાનુ શુધ્ધ કરેલુ પીવાનુ પાણી મળે તે માટે વર્ષો જુની માગણીનુ માન. મુખ્યમંત્રી સુધી રૂબરૂ રજુઆત કરી તા.૨૫.૬.૨૦૧૬ થી તેનો અમલ કરાવ્યો |
| ૩ | ૧૫.૯.૨૦૧૫ | GEZIA & Government of India. Ministry of MSME (Micro ,Small & Medium enterprises Development institute, Ahmadabad - Enabling Manufacturing sector to be competitive through - Quality Management systems/Quality Technical Training - Govt of India ™e latest Policy For MSME માટેની વિગતવાર સમજ |
| ૪ | ૧૯.૧૦.૨૦૧૫ | BEST MSME એવોર્ડ ૨૦૧૪-૨૦૧૫ - Growth in production and profit - Quality and Environment Improvement Measures - Innovation in Technology for new product or process Development - Best MSEs Entrepreneur Category - Export Award |
| ૫ | ૩૧.૧૦.૨૦૧૫ | U.G.WATER SUMP TESTING MAP |
| ૬ | ૨૦.૧૧.૨૦૧૫ | એસ્ટેટ સફાઈ |
| ૭ | ૧૬.૧૨.૨૦૧૫ | જીલ્લા ઉધોગ કેન્દ્ર ગાંધીનગર અને ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ( ગેજીયા) ના સંયુકત ઉપક્રમે સમ્રગ ગાંધીનગર જીલ્લામાં આવેલ તમામ એસોસીએશનોના સહયોગથી જીલ્લાના ઉધોગકારોને રાજ્ય સરકારની નવી ઔધોગિક નિતી-૨૦૧૫ ની વિવિધ યોજનાઓ, ઉધોગ આધાર નોંધણી તથા ટેક્ષટાઈલ યોજના ૨૦૧૨ ની જોગવાઈઓ અને અમલીકરણ અંગે માર્ગદર્શન આપવા. ઉદઘાટક- શ્રીમતિ મમતા વર્મા, IAS , ઉધોગ કમિશ્નરશ્રી અતિથિ વિશેષ - શ્રી એચ.ડી.શ્રીમાળી, અધિક ઉધોગ કમિશ્નર |
| | ૨૦.૧૨.૨૦૧૫ | ડીસેમ્બર- જાન્યુઆરી ગેજીયા ક્રીકેટ/વોલીબોલ ટુર્નામેન્ટ ૨૦૧૫-૨૦૧૬ ઉદઘાટક - શ્રી એચ.ડી. શ્રીમાળી (અધિક ઉધોગ કમિશ્નરશ્રી મુખ્ય મહેમાન - શ્રી પ્રેમલ પટવા (Hithachi Hirel Ltd. ) |
| ૯ | ૨૩.૧૨.૨૦૧૫ | National productivity council અને ગેજીયા સહયોગથી નેશનલ મેન્યુફેકચરિંગ કોમ્પીટીટીવ પ્રોગ્રામ અંતર્ગત લીન કોન્સેપ્ટ દ્વારા પ્રોડકટની ગુણવતા જળવાઈ રહે,સુધરે તેમજ આપના પ્રોફિટ માં વધારો થાય તે માટેનુ માર્ગદર્શન Government of India લીનનાં સિધ્ધાંતો ને તમારા યુનીટમાં સ્થાપવા માટે કન્સલ્ટન્ટ ની ફી નાં ૮૦% સુધીની સહાય આપે છે. |
| ૧૦ | ૨૬.૧.૨૦૧૬ | રાષ્ટ્રીય પર્વ પ્રજાકસત્તાકદિનની ઉજવણી |
| ૧૧ | ૩૦.૧.૨૦૧૬ | ગેઝીયા અને રોટરી કલબ ઓફ ગાંધીનગર Products અને Brand વચ્ચે તફાવત Products ની Brand બનવાની પ્રોસેસ Products ને Brand બનાવવાના ઉપાયો સફળ બીઝ્નેશમેન ની લાક્ષણીકતાઓ |
| ૧૨ | ૨૫.૩.૨૦૧૬ | ગ્રીનસીટી વસાહતને નર્મદાનુ શુધ્ધ પાણી આપવા માટે જીઆઈડીસી સાથે મળી ચરેડી અને ગ્રીનસીટી પી.પી.એરીયામાં જરૂરી ફેરફારો કરી રહે.વસાહતને પાણી પહોંચાડ્યુ |

| | | |
|---|---|---|
| ૧૩ | ૨૦.૫.૨૦૧૬ | આધારકાર્ડ કેમ્પનુ આયોજન -૫૪૬ લોકોએ લાભ લીધો |
| ૧૪ | ૩૦.૫.૨૦૧૬ | ઈ-ઝોનમાં જુનો બોરવેલ ફેલ થવાથી નવો બોર વેલ બનાવ્યો |
| ૧૫ | ૩૧.૫.૨૦૧૬ | એસ્ટેટમાં પેવર બ્લોકની સફાઈ માટે Cleaning મશીન દ્વારા ડેમોસ્ટ્રેશન |
| ૧૬ | ૨૨.૬.૨૦૧૬ | ગેજીયા દ્વારા એસ્ટેટમાં વૃક્ષારોપણ વડ,બોરસલ્લી,વગેરે |
| ૧૭ | ૭.૭.૨૦૧૬ | ગાંધીનગર મ્યુ.કમિશ્નરશ્રી મોદી સાહેબ સાથે ગેજીયામાં મીટીંગ |
| ૧૮ | ૧૨.૦૫.૨૦૧૬ | એસ્ટેટ માં નવા સબ સ્ટેશન બનાવવા માટે કાયવાહી કરેલ છે. |
| ૧૯ | ૧૨.૭.૨૦૧૬ | એસ્ટેટ માં ઉધોગકારોને કોર્મશીયલ દરે બીલ આવતા હતા (૨૫ %) તેને ઈન્ડસ્ટ્રીયલ દરે સરકારી ડ્યુટી ગણત્રી કરી બીલ કરવા માટે યોગ્ય કક્ષાએ રજુઆત કરી. |
| ૨૦ | ૧૬.૭.૨૦૧૬ | પ્રોફેશનલ ટેક્ષ મહાનગર પાલિકામાં જમા કરાવવા અંગે સરર્ક્યુલર |
| ૨૧ | ૧૫.૮.૨૦૧૬ | ગેજીયા દ્વારા સ્વાતંર્ત્ય દિનની ઉજવણી |
| ૨૨ | ૨૩.૮.૨૦૧૬ | Seminar on GST- Goods and Services Tax @ Kadi Sarva vishwavidyalaya Hall Sec-23 Gnr. |
| ૨૩ | ૨૬.૮.૨૦૧૬ | નવી ઔધોગિક નીતિ અંગે અને બેંગ્લોર મુકામે યોજાનાર ઈલે.એક્સ્પોની માહીતી માટે સેમીનાર |
| ૨૪ | ૧૬.૦૭.૨૦૧૬ | ISO AUDIT કોઈ NC વિના કમ્પલેટ થયેલ છે. |
| ૨૫ | ૧૫.૦૯.૨૦૧૬ | ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ તથા ગેજીયા ના સંયુક્ત ઉપક્રમે બાળ મજુરી નાબૂદી પ્રથાના અભિયાન સ્વરૂપે જાગૃતિ માટે સેમિનારનું આયોજન થયેલ જેમાં પ્રભારી મંત્રી શ્રી ડૉ. નિર્મળાબેન વાધવાણી માન. મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ. |
| ૨૬ | ૧૬.૦૯.૨૦૧૬ | નેશનલ પ્રોડટીવીટી કાઉન્સીલના સહયોગથી ગેજીયામાં ઓડીટોરિયમ હોલ ખાતે MFCA-Material Flow Cost Accounting વિષેની માહિતી અને ટ્રેનીંગ સેશન-લીમ અને તેના ફાયદાઓ વિશે સેમિનારનું આયોજન થયેલ. |
| ૨૭ | ૨૧.૦૯.૨૦૧૬ | નેશનલ ઈન્સ્ટ્રમેન્ટસના સંયુક્ત ઉપક્રમે ગેજીયામાં લેટેસ્ટ ટેકનોલોજી અવેરનેસ, PCB ઈન્સ્પેકશન, ટેસ્ટીંગ, ડેટા એકવીઝેશન, પાવર કવોલીટી, એનાલીસીસ ટ્રાન્સફોર્મ ટેસ્ટીંગ, વિઝન ઈન્સ્પેકશન વગેરે વિષયોની છણાવટ ને શિક્ષણનો કાર્યક્રમનું આયોજન થયેલ. |

## સરક્યુલર

**તારીખ ૧૦-૯-૨૦૧૬**

**આથી ઈલે. એસ્ટેટના સર્વે નાગરીકોને જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા દરેક નાગરિક માટે "આધારકાર્ડ" ફરજીયાત બનાવાયું છે. જે અંતર્ગત કોસમોસ ટ્રેનીંગ સેન્ટર, પ્લોટ નં. ઈ-૮૦, સેકટર-૨૬, જી.આઈ.ડી.સી. ગાંધીનગર દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેનો દરેકે લાભ લેવા વિનંતી છે.**

**કેમ્પની વિગત : કેમ્પ શરૂ થવાની તારીખ ૫-૯-૨૦૧૬ થી (સોમથી શનિ)**
**(સોમવાર થી શનિવાર) જાહેર રજા તથા રવિવારે કેમ્પ બંધ રહેશે.**

*સ્થળ : કોસમોસ ટ્રેનીંગ સેન્ટર,*

પ્લોટ નં. ઈ-૮૦, સેકટર-૨૬, જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, ગાંધીનગર.

નોંધ : ઓળખ, એડ્રેસ અને સબંધના પુરાવાની બે-બે ઝેરોક્ષ નકલ લાવવી.

આધારકાર્ડ અંગેની વધુ માહિતી મેળવવા માટે ૦૭૯-૨૩૨ ૮૯૧૮૦ ઉપર સંપર્ક કરવા વિનંતી.

**સદર આધારકાર્ડ કેમ્પનો લાભ સર્વે નાગરિકો લઈ શકે છે.**

**ગેજીયા વતી,**
**સેક્રેટરીશ્રી**

**વાણિજ્યિક વેરાકમિશનરની કચેરી**

**(કાયદા શાખા), ગુજરાત રાજ્ય,**

**રાજ્ય કરભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯**

**ક્રમાંક : ગુજકા/વેટ-૧૫/૧૫-૧૬/જા.૧૮૦/૧૫૫**

**તારીખ : ૨૯-૦૨-૨૦૧૬**

# જાહેર પરિપત્ર

વિષય : નિયમ-૧૯ હેઠળ માસિક તેમજ ત્રમાસિક ટેક્સ પીરીયડના પત્રક રજુ કરવાની સમય મર્યાદા બાબત.

સંદર્ભ : (૧) જાહેર પરિપત્ર ક્રમાંક : ગુજકા/વેટ-૧૫જા.૧૦૧/૮૯ તા.૩-૧૧-૨૦૧૦

(૨) જાહેર પરિપત્ર ક્રમાંક : ગુજકા/વેટ-૧૫/૨૦૧૦-૧૧/જા.૧૦૪/૦૧ તા.૩૦-૧૧-૨૦૧૦

(૩) જાહેર પરિપત્ર ક્રમાંક : ગુજકા/વેટ-૧૫/૨૦૧૦-૧૧/જા.૧૦૫/૯૨ તા.૨૩-૧૨-૨૦૧૦

(૪) જાહેર પરિપત્ર ક્રમાંક : ગુજકા/વેટ-૧૫/૨૦૧૦-૧૧/જા.૧૧૧/૯૭ તા.૧૫-૨-૨૦૧૧

(૫) જાહેર પરિપત્ર ક્રમાંક : ગુજકા/વેટ-૧૫/૧૫-૧૬/જા.૧૭૪/૧૪૯ તા.૧૦-૧૧-૨૦૧૦

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમોના નિયમ-૧૯ની જોગવાઈ મુજબ માસિક તેમજ ત્રિમાસિક પત્રક રજુ કરતાં વેપારીઓના કિસ્સામાં પત્રકો રજુ કરવા માટે ટેક્સ પીરીયડ પૂરો થયા બાદ ૩૦ દિવસની સમયમર્યાદા છે. સંદર્ભ ક્રમાંક : ૧ થી ૪ હેઠળના જાહેર પરિપત્રો અન્વયે ઈ-રીટર્ન રજુ કરવાની સમય મર્યાદા લંબાવવામાં આવેલ હતી.

ઈ-રીટર્ન રજુ કરવા બાબતે વેપારીઓ સંપૂર્ણપણે અવગત થઈ ગયેલ હોઈ તેમજ વાણિજ્યિક વેરા ખાતાની વેબસાઈટ અને સર્વર પૂરતો લોડ લઈ શકે તેમ હોઈ માસિક તેમજ ત્રિમાસિક ઈ-રીટર્ન રજુ કરવાની સમય મર્યાદામાં સંદર્ભ ક્રમાંક : (૫) હેઠળ જાહેર પરિપત્ર અન્વયે ફેરફાર કરવામાં આવેલ.

જુદા જુદા વેપારી મંડળો તેમજ વેરા સલાહકાર મંડળો દ્વારા કરવામાં આવેલ રજુઆતને ધ્યાને લેતાં માસિક તેમજ ત્રિમાસિક ઈ-રીટર્ન રજુ કરવાની સમય મર્યાદા હવે પછી નીચે મુજબ નિર્ધારિત કરવામાં આવે છે.

| **માસિક પત્રક** | **સમય મર્યાદા** |
|---|---|
| ડિસેમ્બર-૧૫ અને ત્યાર બાદ તમામ માસિક પત્રક | ૪૫ દિવસ |
| **ત્રિમાસિક પત્રક** | **સમય મર્યાદા** |
| ઓક્ટોબર-૧૫ થી ડિસેમ્બર અને ત્યારબાદના તમામ ત્રિમાસિક પત્રક | ૪૫ દિવસ |

આ પરિપત્રની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-

**પી.ડી.વાઘેલા,** આઈએએસ

વાણિજ્યિક વેરા કમિશનર

ગુજરાત રાજ્ય, અમદાવાદ

નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર
વિતરણ પોલીસી
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર.
તા.૦૮-૦૬-૨૦૧૬

# પરિપત્ર

**વિષય : નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડના પેટા વિભાજન અંગે લઘુત્તમ વિસ્તાર માટેની નીતિ બાબત.**

**સંદર્ભ :** ૧. નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસીઓ/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૪૩ તારીખ ૦૩.૧૦.૨૦૧૨

૨. નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ પોલીસી/૧(૧૦),૪૭,૦૧.૧૧.૨૦૧૨

૩. નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ પોલીસી/૧(૧૦)/૦૨ ૩૧.૦૧.૨૦૧૩

૪. નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ પોલીસી/૧(૧૦)/૧૪ ૦૭.૦૬.૨૦૧૩

નિગમના નિયામક મંડળની તા.૧૯.૦૩.૨૦૧૬ના રોજ યોજાયેલ ૪૮૮મી સભામાં નિગમ ધ્વારા નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડના પેટા વિભાજન અંગે લઘુત્તમ વિસ્તાર માટેની નીતિ બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ૧૦/પોસ્ટ વિતરણ/૪૮૮ થી સાદર કરવામાં આવેલ. જેને અનુસંધાને થયેલ ઠરાવ ક્રમાંકઃ૫૧/પોસ્ટ વિતરણ/૪૮૮/૨૦૧૬ અન્વયે નિગમની હાલની તારીખ ૦૩-૧૦-૨૦૧૨ની પેટા વિભાજનની નીતિને સ્થાને ઔદ્યોગિક મિલ્કત માટે પેટા વિભાજનની નીચે મુજબની નીતિ અમલમાં મુકવા પરિપત્ર જારી કરવામાં આવે છે. વાણિજ્ય અને રહેણાંક મિલ્કત માટે નિગમની હાલની નીતિ જ અમલમાં રહેશે.

**સામાન્ય શરતો :**

૧. ઔદ્યોગિક મિલ્કતનો લઘુત્તમ વિસ્તાર ૨૫૦ ચો.મી. થી ઓછો રાખી શકાશે નહી.

૨. આ નીતિ અંતર્ગત ઓછામાં ઓછો વિસ્તાર ૨૫૦ ચો.મી. ધ્યાનમાં રાખીને નિગમના/સ્થાનિક ઓથોરીટીના પ્રવર્તમાન જી.આઈ.ડી.સી.આર. મુજબ પેટા વિભાજન કરવાના રહેશે.

૩. જે ઔદ્યોગિક મિલ્કત રસ્તાની ઓછામાં ઓછી ૯ મીટરની પહોળાઈ પર હશે તેવા જ ઔદ્યોગિક પ્લોટનું પેટા વિભાજન થઈ શકશે.

૪. સદર નીતિ અન્વયે પેટા વિભાજીત પ્લોટોની વચ્ચે નવા આવેલ રસ્તાની ન્યુનત્તમ પહોળાઈ જીડીસીઆર મુજબ રાખવાની રહેશે.

૫. જીઆઈડીસીના રોડ ઉપર ૫૦૦ ચો.મી.થી મોટા જ પ્લોટ રાખવાના રહેશે.

૬. પેટા વિભાજીત પ્લોટોની એક પણ બાજુ ૯ મીટર થી ઓછી થઈ શકશે નહી તથા (Width: Depth) પહોળાઈ : ઊંડાઈનું પ્રમાણ (Ratio) ૧ઃ૩ થી વધુ રાખી શકાશે નહી.

૭. સદર પેટા વિભાજનની નીતિ અન્વયે પેટા વિભાજન પછી જ્યાં મૂળ પ્લોટમાં ચારથી વધુ પેટા વિભાજન થતુ હોય ત્યાં હાલમાં જે એન્ટ્રી આપેલ છે તેનાથી વધારે એન્ટ્રી અપાશે નહી એટલે કે આવા કિસ્સામાં પેટા વિભાજીત પ્લોટ અન્વયે

જીઆઈડીસી રોડ પરથી વધારાનો Approach મળશે નહિ.

૮. મૂળ પ્લોટ માટે જીડીસીઆર મુજબ રાખવાનો થતો COP પેટા વિભાજન પછી પણ જાળવવાનો રહેશે.

૯. નિગમ ધ્વારા સબ ડીવીઝનની મંજુરી વખતે જો અન્ય સંસ્થા ધ્વારા ફી, ચાર્જ અથવા દંડ વિગેરેની જો કોઈ રકમ ભરપાઈ કરવાની માંગણી કરવામાં આવે તો તે અંગે નિગમની જવાબદારી રહેશે નહી.

૧૦. આ નવી નીતિ મુજબ પેટા વિભાજનની દરખાસ્ત ક્ષેત્રિય કચેરીને મળે ત્યારબાદ મળેલ દરખાસ્ત તાંત્રિક અભિપ્રાય સહિત વડી કચેરીએ માન.ઉપા.અને વ.સં.શ્રીને મંજુરી અર્થે સાદર કરવાની રહેશે.

૧૧. જે કિસ્સાઓમાં અન્ય ઓથોરીટીમાં પેટા વિભાજન મંજુર કરાવવાના થતા હોય તો તેવા કિસ્સાઓમાં જો મૂળ પ્લોટ ઉપર પાંચ કે તેથી ઓછા પ્લોટોમાં પેટા વિભાજન થતુ હોય તો "ના વાંધા પ્રમાણપત્ર" આપવાની સત્તા વિભાગીય પ્રબંધક પાસે રહેશે. જ્યારે પાંચથી વધુ પ્લોટના પેટા વિભાજનના કિસ્સામાં "ના વાંધા પ્રમાણપત્ર" આપવાની સત્તા માન.ઉપા. અને વહી. સંચાલકશ્રી હસ્તક રહેશે.

૧૨. પેટા વિભાજીત થતા પ્લોટમાં રોડ, રસ્તા, કોમન પ્લોટ જેવી સુવિધાઓ માટે છોડવા પડતા વિસ્તારને વિભાજીત થતા પ્લોટના વિસ્તારમાં પ્રો.રેટાના ધોરણે વહેંચણી કરવાની રહેશે અને તેના ધોરણે સર્વિસ ચાર્જ, એન.એ. એસેસમેન્ટ, લીઝ રેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રકચર અપ-ગ્રેડેશન ફંડ જેવા તમામ રેવન્યુ ચાર્જીસની વસુલાત વિભાજીત થતા પ્લોટના ફાળવણીદારો પાસેથી વખતો વખત વસુલ કરવાના રહેશે.

૧૩. પેટા વિભાજનની મંજુરી મળ્યા બાદ દિન-૩૦ માં નિગમના ડી. ડી. પ્લાનમાં તે આમેજ કરાવવાની જવાબદારી જે તે વિભાગીય પ્રબંધકશ્રીની રહેશે.

૧૪. પેટા વિભાજનની આ નીતિ અન્વયે જ્યાં પેટા વિભાજીત થતાં પ્લોટની સંખ્યા ૧૦ કે તેથી વધુ હોય તો સહકારી મંડળીની રચના કરવાની રહેશે અને જ્યાં પેટા વિભાજીત પ્લોટની સંખ્યા ૧૦ થી ઓછી હોય તો એસોસીએશનની રચના કરવાની રહેશે.

૧૫. પેટા-વિભાજનના કિસ્સાઓમાં નિગમ કોઈપણ જાતની વધારાની આંતર માળખાકીય સુવિધાઓ જેવી કે રોડ, ડ્રેનેજ, વિજળી વિગેરેની સુવિધાઓ પુરી પાડશે નહી. ઉપરાંત વધારાની માળખાકીય સગવડ માટેની જવાબદારી પણ નિગમ સ્વીકારશે નહી.

૧૬. આ નીતિ અન્વયે પેટા વિભાજીત થતાં પ્લોટો અન્વયે આંતરમાળખાકીય સુવિધાઓ પર કેટલું ભારણ આવી શકે તે અંગેની સમયાંતરે ઈજનેરી શાખાએ ચકાસણી કરવાની રહેશે તેમજ ક્ષત્રિય કચેરીના અધિક્ષક ઈજનેરશ્રીએ તે બાબતનો ત્રિમાસિક અહેવાલ માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સાદર કરવાનો રહેશે.

૧૭. ઔદ્યોગિક મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે ઔદ્યોગિક મિલ્કતના વપરાશના પુરાવા તરીકે ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામ સાથે છેલ્લા એક વર્ષના વીજ અને પાણીના વપરાશના બીલો મેળવવાના રહેશે.

૧૮. સદર નીતિ વણવપરાશી તથા ખુલ્લા ઔદ્યોગિક પ્લોટોને પણ લાગુ પડશે.

૧૯. નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ પોલીસ ૧(૧૦) ૪૩ તારીખ ૦૩.૧૦.૨૦૧૨ તથા ત્યારબાદ થયેલ સુધારા પરિપત્રમાં દર્શાવેલ ઔદ્યોગિક મિલ્કતની પેટા વિભાજનની નીતિને સ્થાને આ નીતિ લાગુ પડશે જ્યારે વાણિજ્ય મિલ્કત અને રહેણાંક મિલ્કત માટે હાલની હયાત નીતિ ચાલુ રહેશે.

**નાણાંકીય શરતો :**

૧. નિગમના તમામ બાકી લ્હેણાં વસુલ લેવાના રહેશે.

૨. પેટા વિભાજનની ફી નીચે મુજબ લેવાની રહેશે.

| Sr. No. | No of plots to be created as a result of Sub-division | % of fees to be charged of the prevailing A.P. of concerned estate opn the total area of the industrial Plot to be sub-divided | For sub-division of Non-utilized Open Industrial plot |
|---|---|---|---|
| 1 | 1 to 10 | 5% | 10% |
| 2 | 11 to 20 | 10% | 15% |
| 3 | 21 to 50 | 15% | 25% |
| 4 | 51 to 100 | 20% | 30% |
| 5 | Above 100 | 23% | 35% |

**અપવાદરૂપ કિસ્સાઓ :**

પેટા વિભાજનના જે કિસ્સાઓમાં વિભાજનની કુટુંબના સભ્યો વચ્ચે, ફાળવણીદાર જો ભાગીદારી પેઢી હોય અને પેટા વિભાજન માત્ર ભાગીદારી પેઢીના સભ્યો વચ્ચે વહેંચણીના પ્રસંગે પેટા વિભાજન થતુ હોય તેવા પેટા વિભાજનના કિસ્સાઓમાં કોઈપણ જાતની પેટા વિભાજનની ફી વસુલ લેવાની રહેશે નહી. ઉપરોક્ત તમામ કિસ્સાઓમાં મંજુરી આપવાની સત્તા નિગમના માન. ઉપા. અને વ.સં.શ્રીને રહેશે. નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ-વિતરણ)ને પાઠવવી.

**સહી**
**(મનોજ અગ્રવાલ)**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

**પ્રતિ,**

નિગમના તમામ અધિકારીશ્રીઓ

નકલ જયભારત સહ રવાના :

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ ઓસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) જનરલ મેનેજરશ્રી ગ્રેડ-૧ (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

નં.જીઆઈડીસી/ઈજનેર/પોલિસી/૨૪(૪)/૨૦/૪૬
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૪-૦૬-૨૦૧૬

# પરિપત્ર

**વિષય : બાંધકામના નકશા મંજુર કરાવવા, પાણીનું જોડાણ મેળવવા તેમજ ગટરનું જોડાણ મેળવવા માટેની અરજી ઓનલાઈન સ્વીકારવા બાબત.**

નિગમની જુદી જુદી ઔદ્યોગિક વસાહતોમાં Ease of Doing Business અંતર્ગત તેમજ નિગમની નીતિમાં સરળીકરણના એક ભાગરૂપે બાંધકામના નકશા મંજુર કરાવવા, પાણીનું જોડાણ મેળવવા તેમજ ગટરનું જોડાણ મેળવવા માટેની ઓનલાઈન અરજીઓનો નિગમ દ્વારા તા.૦૧-૦૬-૨૦૧૬ થી અમલ કરવાનો રહેશે.

સહી/
**(મનોજ અગ્રવાલ)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર

**નકલ રવાના :**
નિગમના તમામ સંબંધિત અધિકારીશ્રીઓ ... તરફ જાણ સારૂ.
પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ ... તરફ જાણ સારૂ.
નિગમના તમામ ઔદ્યોગિક વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ ... તરફ જાણ સારૂ.
મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર... તરફ સદર પરિપત્ર વેબ-સાઈટ ઉપર મુકવા સારૂ.

નં.જીઆઈડીસી/................
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૨૩-૦૪-૨૦૧૬

# પરિપત્ર

**વિષય : નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતુથી OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણા પરના વ્યાજમાં રાહત આપવા સમય મર્યાદ વધારી આપવા બાબત.**

**સંદર્ભ : પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૫/૧૨.**
**તા.૩૦-૦૧-૨૦૧૬**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ઉદ્યોગકારોને નિગમ દ્વારા પ્લોટ/શેડ/ક્વાર્ટર/રહેણાંક પ્લોટ તેમજ વાણિજ્ય પ્લોટ, ગાડાઉન, દુકાનો વગેરે ફાળવવામાં આવે છે. આવી ફાળવેલ મિલકતના બાકી લ્હેણાં માટે નિગમની વસુલાતાને વેગ મળે અને ઉદ્યોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણા ઉપરના વ્યાજમાં રાહત મળે તે હેતુથી વસુલાતને પાત્ર થતા વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત/માફી આપવા બાબતની અમલમાં મુકવામાં આવેલ યોજનાની સમય મર્યાદા સંદર્ભીત પરિપત્રથી તા.૩૧-૦૩-૨૦૧૬ સુધી વધારી આપવા બાબતે પરિપત્ર જારી કરવામાં આવેલ.

માનનીય અધ્યક્ષ સ્થાનેથી ૪૮૮ની સભા કે જ તા.૧૯-૦૩-૨૦૧૬ના રોજ મળેલ તેમાં કાર્યસૂચી ક્રમાંકઃ૧૮/વસુલાત/૪૮૮ સાદર કરવામાં આવેલ હતી તેમાં ઠરાવ ક્રમાંકઃ૫૮/વસુલાત/૪૮૮/૨૦૧૬ થી OTS યોજનાની સમય મર્યાદ તા.૩૧-૦૩-૨૦૧૬ થી વધારી તા.૩૦-૦૬-૨૦૧૬ સુધી વધારી આપવાનું ઠરાવવામાં આવેલ છે.

અન્ય શરતો તા.૩૦-૦૧-૨૦૧૬ ના પરિપત્રમાં જણાવ્યા મુજબ યથાવત રહેશે.

સદરહુ પરિપત્રના અમલીકરણ અંગે કોઈ વિસંગતતા ઉદભવે તો ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને પૃચ્છા કરી નિરાકરણ કરવાનું રહેશે.

સહી/
**(મનોજ અગ્રવાલ)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર

**નકલ રવાના :**
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડ. એસો. અમદાવાદ તરફ જાણ સારૂ.
નિગમના તમામ ઔદ્યો. વસાહતોના માન. ઔદ્યો. મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.
મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર તરફ પરિપત્ર વેબ-સાઈટ ઉપર મુકવા સારૂ.

**ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલિસી/૪૭**
**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,**
**વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.**
**તા.૩૦-૦૬-૨૦૧૬**

# પરિપત્ર

**વિષય : નિગમની વસાહતોની વણવપરાશી ઔદ્યોગિક મિલ્કત તબદીલ કરવાની નીતિ.**

**સંદર્ભ : (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૪૬, તા.૦૨-૧૨-૨૦૧૫.**
**(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૮, તા.૩૧-૦૩-૨૦૧૬.**

નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક મિલ્કતનો ફાળવણીદાર ધ્વારા ઉપયોગ કરવામાં આવેલ ન હોય અને તે આજની તારીખે પણ વણવપરાશી/ખુલ્લી પડી રહેલ હોય અને આવા ફાળવણીદારો જો પોતાની મિલકત તબદીલ કરવા ઈચ્છતા હોય તો ખાસ કિસ્સા તરીકે વણવપરાશી/ખુલ્લા ઔદ્યોગિક પ્લોટની તબદીલીની નીતિ (એક્ઝીટ પોલીસી) તા.૦૨-૧૨-૨૦૧૫ના પરિપત્રથી અમલમાં મુકવામાં આવેલ. આ નીતિની સમય મર્યાદા તા.૩૧-૦૩-૨૦૧૬ સુધીની હતી.

જે નિગમના પરિપત્રઃ તા.૩૧-૦૩-૨૦૧૬ થી તા.૦૨-૧૨-૨૦૧૫ના પરિપત્રમાં જરૂરી સ્પષ્ટતા કરી ત્રણ માસ સમય મર્યાદા વધારીને તા.૩૦-૦૬-૨૦૧૬ સુધીની સુધીની કરવામાં આવેલ અને ક્ષેત્રિય કચેરીએ નિર્ણય લેવાની સમય મર્યાદા તા.૩૦-૦૯-૨૦૧૬ સુધીની કરવામાં આવેલ. આ નીતિને ખૂબ સારો પ્રતિસાદ મળેલ હોઈ, હવે આ સમય મર્યાદામાં વધારો કરવામાં આવે છે અને આ નીતિનો લાભ મેળવવા ઈચ્છતા અરજદારે તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં નિગમને અરજી કરવાની રહેશે અને ક્ષેત્રિય કચેરી ધ્વારા તે અંગેનો નિર્ણય તા.૩૧-૦૩-૨૦૧૭ સુધીમાં લેવાનો રહેશે. પરિપત્રોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

સહી/
**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

**પ્રતિ,**
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
નકલ જયભારત સહ રવાનાઃ
(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબ-સાઈટ ઉપર મુકવા સારૂ.

નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૬/૪૮
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૩૦-૦૬-૨૦૧૬

# પરિપત્ર

**વિષય :** **નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતુથી OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણા પરના વ્યાજમાં રાહત આપવા સમય મર્યાદા વધારી આપવા બાબત.**

**સંદર્ભ :** (૧) **પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૫/૧૨, તા.૩૦-૦૧-૨૦૧૬.**

(૨) **પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૬/૩૧, તા.૨૬-૦૪-૨૦૧૬.**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનાં ઉદ્યોગકારોને નિગમ દ્વારા પ્લોટ/શેડ/ક્વાર્ટર/રહેણાંક પ્લોટ તેમજ વાણીજ્ય પ્લોટ, ગોડાઉન, દુકાનો વગેરે ફાળવવામાં આવે છે. આવી ફાળવેલ મિલકતના બાકી લ્હેણા માટે નિગમની વસુલાતને વેગ મળે અને ઉદ્યોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણા ઉપરના વ્યાજમાં રાહત મળે તે હેતુ થી વસુલાતને પાત્ર થતા વ્યાજ અને દંડકીય વ્યાજ ની રકમમાં રાહત/માફી આપવા બાબતની અમલમાં મૂકવામાં આવેલ યોજનાની સમય મર્યાદા સંદર્ભીત નં - (૨) પરિપત્રથી તા.૩૧-૦૩-૨૦૧૬ થી વધારી આપવા બાબતે પરિપત્ર જારી કરવામાં આવેલ.

ઉપર જણાવેલ સમય મર્યાદામાં નિગમની જુદી જુદી વસાહતોના ફાળવણીદારો પૈકી ઘણા ફાળવણીદારોએ લાભ લીધેલ છે. સદર યોજનાના લાભથી વંચીત રહેલા ફાળવણીદારો તેમજ વિવિધ એસોસીયેશન દ્વારા મૌખિક રજુઆત કરાતા સદર યોજનાની સમય મર્યાદા વધારી, આપવાની જરૂરિયાત જણાતાં માન.અધિક મુખ્ય સચિવશ્રી અને ચેરમેનશ્રી, જીઆઈડીસી દ્વારા સદર યોજના તા.૩૦-૦૬-૨૦૧૬ થી વધારી તા.૩૧-૧૨-૨૦૧૬ સુધી (છ માસ માટે) લંબાવવા પૂર્વ મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવામાં આવેલ છે.

અન્ય શરતો તા.૩૦-૦૧-૨૦૧૬ના પરિપત્રમાં જણાવ્યા મુજબ યથાવત રહેશે.

સદરહુ પરિપત્રના અમલીકરણ અંગે કોઈ વિસંગતતા ઉદ્ભવે તો ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને પૃચ્છા કરી નિરાકરણ કરવાનું રહેશે.

સહી/
**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.

**પ્રતિ,**
નિગમના તમામ સંબંધિત અધિકારીશ્રીઓ ... તરફ જાણ સારૂ.
પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ ... તરફ જાણ સારૂ.
નિગમના તમામ ઔદ્યોગિક વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ ... તરફ જાણ સારૂ.
મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર તરફ પરિપત્ર વેબ-સાઈટ ઉપર મુકવા સારૂ.

નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલિસી/૩૦
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૩૧-૦૧-૨૦૧૬

# પરિપત્ર

વિષય : નિગમ ધ્વારા જુદી જુદી યોજના અન્વયે ફાળવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ/રહેણાંક પ્લોટ/આવાસો/વાણિજ્ય પ્લોટ/ મિલ્કતો વિગેરેના વ્યાજના દરમાં સુધારણા બાબત.

સંદર્ભ : (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એકા/૩૧/૪૨૪/૯૪, તા.૦૪-૦૪-૯૪.
(૨) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/હિસાબ/૩૧/૫૬૭/૯૫, તા.૨૧-૦૪-૯૫.
(૩) પરિપત્ર ક્રમાંક : ઓએન્ડએમ/સીઆઈઆર/એકા/૯, તા.૨૨-૧-૨૦૦૧
(૪) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/હિસાબ/૨૨ તા.૨૭-૬-૨૦૦૨.
(૫) નિગમની ૪૩૨મી સભાનો ઠરાવ ક્રમાંક : ૫/હિસાબ/૪૩૨ તા.૧૭-૨-૦૭
(૬) નિગમ ૪૪૨મી સભાનો ઠરાવ ક્રમાંક : ૫/હિસાબ/નાણા/૪૪૨ તા.૦૨-૦૫-૨૦૦૯
(૭) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૨૬ તા.૨૬-૫-૨૦૦૯
(૮) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/હિસાબ/૧૪ તા.૩૦-૩-૧૦
(૯) નિગમની ૪૫૪ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૭/હિસાબ/નાણાં/૪૫૪/૨૦૧૧
(૧૦) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૬ તા.૨૩-૩-૨૦૧૧
(૧૧) નિગમની ૪૬૩મી સભાનો ઠરાવ ક્રમાંક : ૧૯/હિસાબ/નાણાં/૪૬૩/૨૦૧૨
(૧૨) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૦૮ તા.૦૭-૦૪-૨૦૧૨
(૧૩) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૪૦ તા.૩-૧૦-૨૦૧૨
(૧૪) નિગમની ૪૭૨મી સભાનો ઠરાવ ક્રમાંક : ૫૧/હિસાબ/નાણાં/૪૭૨/૨૦૧૩ તા.૧૦-૪-૧૩
(૧૫) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૧ તા.૦૪-૦૫-૨૦૧૩
(૧૬) નિગ્મની ૪૭૬મી સભાનો ઠરાવ ક્રમાંક : ૪/હિસાબ/નાણાં/૪૭૬/૨૦૧૪ તા.૨૦-૦૬-૨૦૧૪
(૧૭) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૪ તા.૧૯-૭-૨૦૧૪
(૧૮) નિગમની ૪૭૮મી સભાનો ઠરાવ ક્રમાંક : ૫૯/હિસાબ/નાણાં/૪૭૮/૨૦૧૫
(૧૯) પરિપત્ર નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૦૧, તા.૨૮-૦૪-૨૦૧૫
(૨૦) નિગમની ૪૮૭મી સભાનો ઠરાવ ક્રમાંક : ૩૦/બોર્ડ/૪૮૭/૨૦૧૬ તા.૧૯-૦૨-૨૦૧૬

નિગમના ઉપરોક્ત પરિપત્રોના સંદર્ભે જુદી જુદી વસાહતોના વ્યાજના દરોમાં વખતો વખત ફેરફાર કરવામાં આવેલ છે. સંદર્ભ :૧૯ના પરિપત્રથી આ દર ૧૪% મુજબ તા.૧-૪-૨૦૧૫ થી અમલમાં છે.

**નાણાંકીય વર્ષઃ** ૨૦૧૫-૧૬ના વ્યાજના દરની ફેર સમીક્ષા કરવા નિગમની તા.૧૯-૦૨-૨૦૧૬ના રોજ મળેલ ૪૮૭મી સભામાં સાદર કરવામાં આવેલ કાર્યસૂચિ ક્રમાંક :૦૬/હિસાબ/નાણાં/૪૮૭ ઉપર ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યા મુજબ નિગમ ધ્વારા કરવામાં આવેલ ફાળવણીની તમામ મિલ્કતો જેવી કે, ઔદ્યોગિક પ્લોટ, ઔદ્યોગિક શેડ, રહેણાંક પ્લોટ, રહેણાંક પ્લોટ ક્વાર્ટર, વાણિજ્ય પ્લોટ, વાણિજ્ય બાંધકામ તથા અનય સુવિધાઓ માટેના મકાનો વિગેરે ઉપરની બાકી રકમો ઉપર સમય મર્યાદામાં રીહને તથા હવે પછી ફાળવણી કરવામાં આવનાર તમામ મિલકતોના કેસોમાં વ્યાજનો દર તા.૦૧-૦૪-૨૦૧૬ની અસરથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી વાર્ષિક ૧૩% (તેર ટકા) રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ પાઠવવી.

સહી/
**(મનોજ અગ્રવાલ)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર

પ્રતિ,
(૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૧
જીઆઈડીસી ઉદ્યોગભવન, ગાંધીનગર
તા.૧૬-૦૨-૨૦૧૫-૧૬

# પરિપત્ર

## વિષય : હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની નીતિ બાબત.

નિગમની હયાત લગત પ્લોટ/શેડની ફાળવણીની નીતિમાં સુધારા-વધારા અર્થે નિગમની ૪૮૫મી સભામાં કાર્યસૂચિ રજુ કરવામાં આવેલ. જેની દરખાસ્ત મંજુર કરતી વખતે નિયામક મંડળે નવા મંજુર થયેલ સુધારા-વધારાને સામેલ કરી નિગમની લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણીની નીતિ અંગે સર્વગ્રાહી પરિપત્ર જારી કરવા નિર્દેશ કરેલ તે પ્રમાણે નવો સર્વગ્રાહી પરિપત્ર નીચે પ્રમાણે જારી કરવામાં આવેલ છે.

નીચે મુજબની લગત પ્લોટ/શેડ તરીકેની વ્યાખ્યા લક્ષમાં લેવાની રહેશે.

(૧) લગત તરીકે ફાળવવામાં થતા પ્લોટ/શેડ એટલે કે એવા પ્લોટ/શેડ કે જેની માંગણી ઉદ્યોગકારો ધ્વારા તેમના હયાત એકમના ઉપયોગ થયા બાદ ઉદ્યોગના વિસ્તરણ માટે ઉદ્યોગકારો ધ્વારા માંગણી કરવામાં આવેલ હોય તે પ્લોટ/શેડની માંગણી કરવા ઉદ્યોગકારના પ્લોટ/શેડને લગોલગ અડીને આવેલ હોય (કોમન વોલ) તેવા અથવા

(૨) વસાહતના વિકાસ નકશામાં જે જમીનનું કોઈ આયોજન થયેલ ન હોય અને વિકાસ નકશામાં ઉદ્યોગકારો ધ્વારા તેમના એકમના પૂર્ણ વિકાસ થયા બાદ માંગણી કરવામાં આવેલ હોય અને આવા પ્લોટ ઉદ્યોગકારોના પ્લોટ/શેડને લગોલગ અડીને (કોમન વોલ) આવેલ હોય.

**યોગ્યતા અને શરતો :**

યોગ્યતા અને શરતોમાં નીચે મુજબની શરતોને લક્ષમાં લેવાના રહેશે.

(૧) લગત પ્લોટ/શેડ મેળવવા માટેની પ્રાથમિક યોગ્યતા તરીકે ફક્ત ઔદ્યોગિક પ્લોટ/શેડ ધારકો ધ્વારા જ કરવામાં આવતી માંગણીને ગ્રાહ્ય રાખવાની રહેશે.

(૨) નિગમની લગત પ્લોટ/શેડની ફાળવણી નીતિ અંતર્ગત કોઈપણ ફાળવણીદારને આ પરિપત્રની તારીખથી ફક્ત એક જ વખત ઔદ્યોગિક પ્લોટ/શેડ લગત તરીકે ફાળવણી કરી શકાશે. જો કોઈ ફાળવણીદારને આ પરિપત્રની તારીખ પહેલા નિગમની લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણી નીતિ અંતર્ગત લગત તરીકે અગાઉ એક અથવા વધુ ઔદ્યોગિક પ્લોટ/શેડ ફાળવવામાં આવેલ હોય તો તેઓ વધુ એક વખત આ નીતિ અંતર્ગત લગત તરીકે ઔદ્યોગિક પ્લોટ/શેડની માંગણી કરી શકાશે.

(૩) હયાત ઉદ્યોગકારો ધ્વારા પ્લોટ/શેડની માંગણી વખતે લગત પ્લોટ/શેડની ફાળવણીના કિસ્સામાં લગત પ્લોટ ઉપર નિગમ ધ્વારા જો કોઈ બાંધકામ અથવા વિકાસ કરવામાં આવેલ હોય તો તેવા સંજોગોમાં નિગમ ધ્વારા નક્કી કરવામાં આવેલ કિંમત અને જો તે શેડ પરત મેળવવામાં આવેલ હોય તેવા કિસ્સામાં અગાઉના ફાળવણીદાર ધ્વારા જો વધારાનું બાંધકામ કરવામાં આવેલ હોય તો તે અંગેની રકમ એકીસાથે ભરપાઈ કરવાની રહેશે.

(૪) હયાત ઉદ્યોગકાર ધ્વારા લગત પ્લોટ/શેડની માંગણી વખતે લગત પ્લોટ/શેડ ઉપર જો નિગમની કોઈપણ નીતિ અંગર્ગત પરત મેળવેલ હોય તો તેમાં અગાઉના ફાળવણીદાર ધ્વારા જે કોઈ બાંધકામ કે વિકાસ કરેલ હોય તેનો ખર્ચ હયાત ઉદ્યોગકાર ધ્વારા ભરપાઈ કરવા અંગે બાંહેધરી મેળવવાની રહેશે.

(૫) નિગમના પ્રવર્તમાન નીતિ નિયમો અનુસાર ફાળવણીદાર ધ્વારા તેમના હયાત પ્લોટનો વપરાશ/ઉપયોગ થયેલ હોવો જોઈએ.

(૬) હયાત ઉદ્યોગકાર ધ્વારા તેમના હયાત ઉદ્યોગના વિસ્તરણ માટેની જ્યારે માંગણી રજુ કરવામાં આવે ત્યારે આવી માંગણી સાથે નીચેના દસ્તાવેજોની નકલ સામેલ કરવી જરૂરી ગણાશે.

(એ) ઉદ્યોગના વિસ્તરણની માંગણી કરનાર હયાત ઉદ્યોગ ધ્વારા નિગમના તમામ પ્રકારના બાકી લ્હેણાં ભરપાઈ થયેલા હોવા જોઈએ.

(બી) હયાત એકમ ધ્વારા તેઓના એકમનો ઔદ્યોગિક સિવાય અન્ય કોઈપણ પ્રકારનો ઉપયોગ અથવા અનઅધિકૃત ઉપયોગ થતો ન હોવા જોઈએ.

(સી) ઉદ્યોગના વિસ્તરણ માટેનો પ્રોજેક્ટ રિપોર્ટ.

(ડી) ઉદ્યોગના વિસ્તરણ માટે જરૂરી મૂડી રોકાણ અંગેના દસ્તાવેજ.

(ઈ) વિસ્તરણ માટે માંગણી કરવામાં આવેલ જમીનના ઉપયોગ બાબતના લે-આઉટ તથા મશીનરી અંગેની જરૂરિયાત અને તેના લે-આઉટની ડિઝાઈન.

**કાર્યવાહીઃ**

ઉદ્યોગકારો ધ્વારા તેમના હયાત એકમના ઉપયોગ બાદ વિસ્તરણ માટે નિગમના નિયત નમુનામાં ઓનલાઈન અરજી કરે અને સાથે જરૂરી ભરવાની થતી રકમ ભરી લગતની વ્યાખ્યામાં આવતાં ઔદ્યોગિક પ્લોટ/શેડ માટે જ્યારે માંગણી કરે તેવા સંજોગોમાં.....

(૧) જે કિસ્સામાં એક જ પ્લોટ શેડ માટે એક કરતા વધુ યોગ્યતા ધરાવતા ઉદ્યોગકારો દ્વારા લગત પ્લોટ/શેડ તરીકે માંગણી કરેલ હશે તો તેવા સંજોગોમાં તે તમામની માંગણી વડી કચેરીના નિર્ણય અર્થે મોકલવાની રહેશે.

(૨) ફાળવણી માટે માગણી કરવામાં આવેલ પ્લોટ/શેડ જો અગાઉ કોઈને ફાળવેલ હોય અને તે નિગમ દ્વારા જી.પી.પી. એક્ટ હેઠળ પરત લેવામાં આવેલ હોય તો આવા પરત લેવામાં આવેલ પ્લોટ/શેડની ફાળવણી અગ્રતાક્રમ તોડીને લગત તરીકે કરી શકાશે.અન્યથા આ પ્રકારના પરત મેળવેલ પ્લોટ/શેડ જાહેર હરાજીથી વેચાણ કરવાના રહેશે.

(૩) ક્ષેત્રિય કચેરી ધ્વારા ઉપરોક્ત દર્શાવવામાં આવેલ યોગ્યતાની ચકાસણી બાદ જ્યારે ફાળવણી અંગેની રજુઆત વડી કચેરીએ મોકલવામાં આવે ત્યારે જરૂરી દસ્તાવેજોની ચકાસણી ક્ષેત્રિય કચેરીએ કરી દીધેલ છે તે અંગે નોંધમાં ઉલ્લેખ થવો જરૂરી છે. લગત તરીકે ફાળવવાના થતાં પ્લોટ/શેડમાં કોઈપણ કાનૂની વિવાદ નથી તે અંગેનું પ્રમાણપત્ર પણ ક્ષેત્રિય કચેરીએ આપવાનું રહેશે.

(૪) આ નીતિ અંતર્ગત પ્લોટ/શેડની ફાળવણી તથા ઔદ્યોગિક એકમને ફાળવેલ પ્લોટ કે શેડના વિસ્તાર જેટલા જ વિસ્તારનો પ્લોટ/શેડ ફાળવવાનો રહેશે.

(૫) માંગણી કરવામાં આવનાર પ્લોટ/શેડ ફક્ત એક જ ઉદ્યોગકારને લગતા હોય તો તેની માંગણી લગત તરીકે સ્વીકારી શકાશે. જો એક કરતાં વધુ ઉદ્યોગકારો ધ્વારા કોઈ એક જ પ્લોટ/શેડ માટે માંગણી હશે તો તે પ્લોટ/શેડ લગત તરીકે લાયકાત ધરાવતા અરજદારોને ફાળવેલ ઔદ્યોગિક મિલ્કતમાં ટકાવારીના પ્રમાણસર રેશિયામાં જી.ડી.સી.આર ના નીતિ નિયમોને આધીન લગત પ્લોટને પેટા વિભાજન કરી તેની ફાળવણી કરવાની રહેશે. વધુમાં જો કોઈ કારણોસર લગત પ્લોટનાં પેટા વિભાજન શક્ય ના બનતા હોય તો એક કરતાં વધુ ઉદ્યોગકારો વચ્ચે માંહોમાહેની બોલી ધ્વારા હરાજી કરી ફાળવણી હાથ ધરવાની રહેશે તથા તેની સઘળી સત્તા નિગમના માન.ઉપા. અને વ.સં.શ્રી હસ્તક રહેશે.

(૬) ફાળવણી ધ્વારા નિગમનાં જી.ડી.આર. મુજબ બાંધકામના નિયમોનું પાલન કરવાનું રહેશે અને તે મતલબનું બાંહેધરીખત રજુ કરવાનું રહેશે.

(૭) લગત તરીકે પ્લોટ/શેડની માંગણી કરી હોય તેવા ઉદ્યોગકારોને પ્લોટ/શેડની ફાળવણી કરતી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં લેવાની રહેશે.

(એ) હયાત ઉદ્યોગકારો ધ્વારા લગત પ્લોટ/શેડની માંગણી કરતી વખતે ક્ષેત્રિય કચેરી ધ્વારા એ નિશ્ચિત કરી લેવાનું રહે છે કે, હયાત એકમના વસાહતમાં આવેલા કોઈપણ પ્લોટ/શેડ પેટે નિગમના કોઈપણ પ્રકારના લ્હેણાં બાકી રહેતા નથી.

(બી) આ નીતિ અંતર્ગત જે ઉદ્યોગકારોને તેમના પ્લોટ/શેડની ફાળવણી પછી અગાઉ ક્યારેય લગત તરીકે ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણી કરવામાં આવી ન હોય અને તેઓને પ્રથમ વખતે લગત તરીકે ઉદોગકારના પ્લોટ/શેડને અડીને આવેલ ઉપલબ્ધ પ્લોટ/શેડની લગત તરીકે ફાળવણી કરવામાં આવે તો તે સંજોગોમાં પૂર્ણ વિકસિત વસાહતમાં ૩૫% અને અપૂર્ણ વિકસિત વસાહતમાં ૨૦% વધારાની રકમ પ્રીમિયમ તરીકે (પ્રવર્તમાન વિતરણ દર લેખે) પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત વસૂલ લેવાની રહેશે. તથા અન્ય જો ચાર્જ લાગુ પડતા હોય તો તે પણ ૧૦૦% એકીસાથે વસૂલ લેવાના રહેશે. આ રકમ ભરવા માટે કોઈ પણ હપ્તા કરી આપવાના રહેશે નહી.

(સી) આ પરિપત્ર તારિખ પહેલા જે કોઈ ઔદ્યોગિક એકમને અગાઉ લગત તરીકે એક અથવા વધુ વખત પ્લોટ/શેડની ફાળવણી થયેલ હોય અને આ નીતિ અંતર્ગત તેઓ વધુ એક વખત લગત તરીકે ઔદ્યોગિક પ્લોટ/શેડ મેળવવા પાત્ર હોય અને તેઓ પોતાના પ્લોટ/શેડને અડીને આવેલ પ્લોટ/શેડની લગત તરીકે માંગણી કરે તો આવા સંજોગોમાં પૂર્ણ વિકસિત વસાહતમાં ૫૦% અને અપૂર્ણ વિકસિત વસાહતમાં ૪૦% વધારાની રકમ પ્રીમીયમ તરીકે (પ્રવર્તમાન વિતરણ દર લેખે) પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત વસૂલ લેવાની રહેશે. તથા અન્ય જો ચાર્જ લાગુ પડતા હોય તો તે પણ ૧૦૦% એકીસાથે વસૂલ લેવાના રહેશે. આ રકમ ભરવા માટે કોઈપણ હપ્તા કરી આપવાના રહેશે નહીં.

(ડી) નિગમની પૂર્ણ વિકસિત વસાહતમાં ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ/શેડને જાહેર હરાજીમાં મૂકતા અગાઉ ક્ષેત્રિય કચેરીએ પ્લોટ/શેડને લગત તરીકે ફાળવણી માટે મળેલ તમામ અરજીઓનો નિકાલ કરવાનો રહેશે. અને તે પછી ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ/શેડને હરાજીમાં મુકવા માટે વડી કચેરીની મંજુરી મેળવવાની રહેશે.

(ઈ) જે તે પ્લોટ/શેડને હરાજીમાં મૂકવા માટે મંજુરી મળેલ હોય તે તારીખથી જ તે પ્લોટ/શેડની લગત તરીકે ફાળવણી થઈ શકશે નહીં અને મંજુરી મળ્યા તારીખથી હરાજીની પ્રક્રીયા પૂરી થાય તે દરમ્યાન જે તે પ્લોટ/શેડને લગત તરીકે ફાળવવા માટે મળેલ અરજીઓ દફતરે કરવાની રહેશે.

(એફ) હરાજીમાં મૂકવામાં આવેલ લગત પ્લોટ/શેડના કિસ્સાઓ પ્રસ્તુત નીતિ અંતર્ગત ફાળવણી માટે ધ્યાને લેવાશે નહીં. પરંતુ કોઈ કિસ્સામાં હરાજીમાં મુકવામાં આવેલ પ્લોટ/શેડ કોઈ કારણથી ફાળવણી ન થવાથી ઉપલબ્ધ હોય અને હરાજીની પ્રક્રીયા પૂર્ણ થઈ ગયેલ હોય તેવા પ્લોટ/શેડનાં કિસ્સામાં ફાળવણી અંગેની રજુઆત ઉપર નિગમ ગુણદોષ આધારિત નિર્ણય કરશે.

(૮) જો માંગણી કરવામાં આવનાર લગત પ્લોટ ઉપર કોઈપણ જાતનું દબાણ હોય તો તે દબાણ સાથે જે તે ફાળવણીદારે લગત પ્લોટ સ્વીકારવા બાબતે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર બાંહેધરીખત આપવાનું રહેશે. નિગમ ધ્વારા આવા કિસ્સામાં કોઈપણ પ્રકારની વળતરની માંગણી કે અન્ય છૂટછાટ ફાળવણીદારની સ્વીકારવાની રહેશે નહીં.

(૯) ફાળવવામાં આવનાર લગત પ્લોટ/શેડ તેના મૂળ પ્લોટ/શેડ સાથે ફરજીયાત પણે એકત્રીકરણ વડી કચેરી ધ્વારા કરવાના રહેશે અને તે મુજબ ક્ષેત્રિય કચેરી ધ્વારા કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૦) ફાળવણીદાર ધ્વારા તેઓને ફાળવવામાં આવેલ લગત પ્લોટ/શેડ, વિતરણ તારીખથી પાંચ વર્ષ સુધી તબદીલ કરી શકશે નહી.

**ઉપસંહાર :**

સદર પરિપત્રના અમલથી અગાઉના તમામ લગત ફાળવણી અંગેના પરિપત્રો રદ ગણવાના રહેશે.

સહી/

**(મનોજ અગ્રવાલ)**

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

**પ્રતિ,**

(૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૩) વીસી એન્ડ એમડી (સેલ) જીઆઈડીસી વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૪) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી વડી કચેરી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબ-સાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

# Li-Fi has just been tested in the real world, and it’s 100 times faster than Wi-Fi

Expect to hear a whole lot more about Li-Fi a wireless technology that transmits high speed data using visible light communication (VLC) - in the coming months.

With scientists achieving speeds of 224 gigabits per second in the lab using Li-Fi earlier this year, the potential for this technology to change everything about the way we use the internet is huge.

And now, scientists have taken Li-Fi out of the lab for the first time, trialling it in offices and industrial environments in Tallinn, Estonia, reporting that they can achieve data transmission at 1 GB per second - that’s 100 times faster than current average Wi-Fi speeds.

“We are doing a few pilot projects within different industries where we can utilize the VLC (visible light communication) technology.” Deepak Solanki, CEO of Estonian tech company, Velmenni, told IB Times UK.

“Currently we have designed a smart lighting solution for an industrial environment where the data communication is done through light. We are also doing a pilot project with a private client where we are setting up a Li-Fi network to access the internet in their office space.”

Li-Fi was invented by Harald Hass from the University of Edinburgh, Scotland back in 2011, when he demonstrated for the first time that by flickering the light from a single LED, he could transmit far more data than a cellular tower. Think back to that lab-based record of 224 gigabits per second – that’s 18 movies of 1.5 GB each being downloaded every single second.

The technology uses Visible Light Communication (VLC), a medium that uses visible light between 400 and 800 terahertz (THz). It works basically like an incredibly switching a torch on and off according to a certain pattern can relay a secret message, flicking an LED on and off at extreme speeds can be used to write and transmit things in binary code.

And while you might be worried about how all that flickering in an office environment would drive you crazy, don’t worry-we’re talking LEDs that can be switched on and off at speed imperceptible to the naked eye.

The benefits of Li-Fi over Wi-Fi, other than potentially much faster speeds, is that because light cannot pass through walls, it makes it a whole lot more secure, and as Anthony Cuthbertson points out at IB Times UK, this also means there’s less interference between devices.

While Cuthbertson says Li-Fi will probably not completely replace Wi-Fi in the coming decades, the two technologies could be used together to achieve more efficient and secure networks.

Our homes, offices, and industry buildings have already been fitted with infrastructure to provide Wi-Fi, Li-Fi technology isn’t particularly feasible, so the idea is to retrofit the devices we have right to work with Li-Fi technology.

Research teams around the world are working on just that. Li-Fi experts reported for the The Conversation last month that Haas and his team have launched Pure Li-Fi, a company that offers a plug-and-play application for secure wireless Internet access with a capacity of 11.5 MB per second, which is comparable to first generation Wi-Fi. And French tech company Oledcomm is in the process of installing its own Li-Fi technology in local hospitals.

If applications like these and the Velmenni trial in Estonia prove successful, we could achieve the dream outlined by Hass in his 2011 TED talk below-everyone gaining access to the internet via LED light bulbs in their home.

“All we need to do is fit a small microchip to every potential illumination device and this would then combine two basic functionalities: illumination and wireless data transmission,” Hass said. “In the future we will not only have 14 billion light bulbs, we may have 14 billion Li-Fis deployed worldwide for a cleaner, greener, and even brighter future.” (EL)




“Don’t be late to read it”
“વાંચશો તો કંઇક મેળવશો”

અમો છેલ્લા પચીસ વરસથી લાઇફ ઇન્સ્યોરન્સ,મેડીકલેઇમ ઇન્સ્યોરન્સ,જનરલ ઇન્સ્યોરન્સ તથા ઇન્વેસ્ટમેન્ટ/મ્યુચ્યુલફંડ,નાની બચત વગેરે ક્ષેત્રે ખુબજ સારી ત્વરીત ને ઝડપી સેવાઓ આપવા સતત કાર્યશીલ રહીએ છીએ. અમો આપના માટે નીચેની સેવાઓ ચોકસાઇપૂર્વક સમયસર મેળવવા માટે અમારો સંપર્ક કરવા આપને ભાવભિનું નિમંત્રણ પાઠવીએ છીએ.

આપની ચાલુ વીમા પોલીસીઓ પર ઓછા વ્યાજની લોન મેળવવા અંગે-નોમિનેશન/એસાઇમેન્ટ ચેક કરાવવા, બદલવા માટે.

**LIC ના ઓથોરાઈઝડ પ્રીમીયમ કલેકશન સેન્ટરનો શુભારંભ કરેલ છે. જીવન વીમાની તમામ પ્રકારની સર્વિસ મળશે, લાભ લેવા વિનંતી છે.**

કાશીપરા ઇન્સ્યોરન્સ કન્સલટન્સી

(LIC અને GIC ની ઉત્તમ સેવા માટે સતત કાર્યશીલ એજન્ટ)

**નિધી ઈલેક્ટ્રોનીક્સ(ઈન્ડીયા)**: ઈ-૧૧૫,ઇલેક્ટ્રોનીક્સ એસ્ટેટ, જી.આઇ.ડી.સી.,ગાંધીનગર, Ph : 23287372 , M : 9426002426

LIC

नेशनल इन्श्योरेन्स National Insurance

# એક ભારત, એક બજાર
# જીએસટી : ભારતના જ નહીં, વિશ્વના કરવેરાના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ સિદ્ધિ

આવેગ અને અતિશયોક્તિ એવાં પ્રલોભનો છે જેને ખાસ કરીને સરકારી અધિકારીઓએ વશ ન થવું જોઈએ, પરંતુ જીએસટી દેશ માટે ગેમચેન્જર છે અને એક મહાન ઐતિહાસિક સિદ્ધિ છે એમ કહ્યા વિના ચાલે એમ નથી. જીએસટી શા માટે અગત્યનો છે ? તેના હાલના સ્વરૂપ વિષે શું કહી શકાય ?

અન્ય દેશોમાં થયેલા આ પ્રકારના સુધારાની સરખામણીમાં જીએસટી કેવો ગણાય ? આ બધા પ્રશ્નો વારાફરતી તપાસીએ.

જીએસટીના ત્રણ મોટા લાભ છે, એક જીએસટીથી ગરીબી નિવારણ અને વિકાસ માટે વધુ નાણાં મળી શકશે. કરવેરાનો પાયો પહોળો થવાથી કેન્દ્ર અને રાજ્યોની આવક વધશે. ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશ જેવાં મોટાં વપરાશકાર રાજ્યોની આવકમાં વધુ ઉમેરો થશે. બીજું જીએસટીથી સમગ્ર દેશ એક મજિયારી બજારમાં ફેરવાઈ જતા મેઈક-ઈન-ઈન્ડિયા અભિયાનને વેગ મળશે. હાલનું કરમાળખું દેશને રાજ્યવાર અનેક ટુકડાઓમાં વહેંચી નાખે છે. હાલના કરમાળખાની ત્રણ ઉણપો છે. (૧) આંતરરાજ્ય વેચાણ પરનો સેન્ટ્રલ સેલ્સ ટેક્સ (૨) પ્રત્યેક રાજ્યમાં લાગુ પડતા અનેક કરવેરા અને (૩) કાઉન્ટર વેઈલિંગ ડ્યૂટીમાં અપાતી પાર વગરની માફીઓ જે સ્થાનિક ઉત્પાદનના મુકાબલે આયતાને આકર્ષક બનાવે છે. જીએસટી એક ઝાટકે આ ત્રણે નબળાઈઓને નિર્મૂળ કરી નાખશે. સેન્ટ્રલ સેલ્સ ટેક્સ નાબૂદ થશે, મોટાભાગના અન્ય કરવેરા જીએસટીમાં સમાવી લેવાશે અને આયતો પર પણ જીએસટી લાગુ પડનાર હોવાથી સ્થાનિક ઉત્પાદનને ભોગે વિદેશી માલને પ્રોત્સાહન મળતું બંધ થશે.

ત્રીજું, જીએસટીને કારણે કરવેરાના વહીવટમાં બે રીતે ધરખમ સુધારો થશે. એક, પ્રત્યેક વેલ્યુ એડેડ ટેક્સમાં તેનું આપોઆપ પાલન કરવાનું પ્રોત્સાહન રહેલું હોય છે. પોતે ખરીદેલા સામાન પર ટેક્સ ક્રેડિટનો દાવો કરવા માટે પ્રત્યેક વેપારી પોતાના સપ્લાયર પાસેથી કર ભરાયો હોવાના દસ્તાવેજોનો આગ્રહ રાખશે. જો વિવિધ કરમુક્તિઓ દ્વારા મૂલ્યવર્ધનની સાંકળ તોડવામાં ન આવે તો આ એક જ અંગ જીએસટીને અત્યંત શક્તિશાળી બનાવવા માટે પૂરતું છે. બીજું, જીએસટી પર કેન્દ્ર તેમજ રાજ્ય બન્નેની દેખરેખ રહેતી હોવાથી તેની ચોરી કરવી વધુ મુશ્કેલ બનશે. એકની નજરમાંથી છટકેલી કરચોરી બીજાની નજરમાં પકડાઈ જાય એવી પ્રબળ શક્યતા રહેશે. જીએસટીથી મૂડીરોકાણને જે ઉત્તેજન મળશે તેની ચર્ચા આવકનિરપેક્ષ દર વિશેના અહેવાલમાં કરાઈ છે.

અલબત્ત, આ બધા લાભ તો જ મળશે જો જીએસટીનું માળખું મજબૂત અને તર્કસંગત હોય. સરકારી આવકનું રક્ષણ કરે, વહીવટને સરળ બનાવે, કાયદાના પાલનને ઉત્તેજન આપે અને ફુગાવાને ભડકાવે નહીં એવા જીએસટીની આપણને જરૂર છે.

ઉપરોક્ત અહેવાલમાં એવી ભલામણ કરાઈ હતી કે જીએસટીનો વ્યાપ ખૂબ બહોળો હોવો જોઈએ, તેમાંથી બહુ જ થોડી ચીજોને મુક્તિ આપવી જોઈએ. અને મોટાભાગની ચીજો પર સામાન્ય દર લાગવો જોઈએ. કોઈ જમણ મફત હોતું નથી. જીએસટીમાં વધુ પડતા અપવાદો કરાય તો તેનો સામાન્ય દર ઊંચો ઠરાવવો પડે અને ગરીબો પરનો બોજ વધે.

કેટલાક લોકો કહે છે કે જીએસટીનું માળખું ખામીભર્યું છે. આવી ટીકા કરનારા મહાન સુધારા કઈ રીતે થાય છે એ જાણતા નથી. સંપૂર્ણ અને ક્ષતિરહિત જીએસટી કોઈ દેશમાં નથી, જ્યાં તે વર્ષોથી અમલમાં હોય એવા દેશોમાં પણ નહિ. અટપટી અને સંકુલ વ્યવસ્થામાં પરિવર્તન કરાય, તેનાં અમલમાંથી બોધપાઠ લઈને થોડો ફેરફાર કરાય અને એ ચક્ર ચાલ્યા કરે. રાજ્યોમાં વેલ્યૂ એડેડ ટેક્સ દાખલ કરાયો ત્યારે એવું જ બન્યું હતું અને જીએસટીમાં પણ એવું જ બનવાનું છે. શ્રેષ્ઠ સમય અને શ્રેષ્ઠ માળખાની રાહ જોઈને અનિશ્ચિત કાળ સુધી બેઠા રહેવા કરતાં એક વાર શરૂઆત કરી દઈ આ મહાન પરિવર્તનની આંતરિક પ્રક્રિયાને ઉઘડવા દેવી અને અનુભવના આધારે જરૂરી ફેરફાર કરતાં જવા એ વધારે સારો માર્ગ છે.

આટલું કહ્યા પછી એ પણ ઉમેરવું જોઈએ કે જીએસટીનું મૂલ્યાંકન કરવાની સમયમર્યાદા વાસ્તવિક અને વ્યવહારૂ હોવી જોઈએ.જીએસટીનો અમલ કરવો એ મગજ ચકરાવી નાખે તેવી માથાકૂટ અને મગજમારીનું કામ છે. જીએસટી અત્યંત અટપટો અને ઘણો સમય માગી લેતો ટેક્સ હોવાથી તેનું મૂલ્યાંકન અને ફેરફારો ટૂંકાગાળામાં નહીં પણ લાંબા ગાળામાં

હાથ ધરવા જોઈએ.

અન્ય દેશોના કાયદાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે ભારતનો જીએસટીનો કાયદો ખૂબ મહત્ત્વાકાંક્ષી અને પ્રમાણમાં ક્ષતિરહિત છે. સમવાયતંત્ર ધરાવતા દેશોનું જીએસટીનું માળખું ક્યાં તે અત્યંત કેન્દ્રીકૃત હોય છે જેને પગલે રાજ્યોની સ્વાયત્તતાને ઘસારો પહોંચે છે (ઓસ્ટ્રેલિયા, જર્મની અને ઓસ્ટ્રિયા) અથવા તો જ્યાં રાજ્ય વ્યવસ્થા દ્વિમુખી હોય ત્યાં તેનો અમલ પણ દ્વિમુખી હોય છે જેને લીધે કરવેરાના પાયામાં ઘણા તફાવતો હોય છે, કરવેરાના દર એવા હોય છે કે પાલન કરવાનો ઉત્સાહ ન રહે અને આંતરરાજ્ય વેચાણ અઘરું બને છે. (બ્રાઝિલ, રશિયા અને આર્જેન્ટિના) કેટલાક દેશોમાં અમુક અંશે સંકલન સાધીને આ ગેરલાભોને મર્યાદિત કરાય છે પણ દૂર નથી કરી શકાતા (કેનેડા અને ભારત)

ભારતીય જીએસટી પ્રમાણમાં ઘણો સ્વચ્છ એવો દ્વિમુખી ટેક્સ હશે જે વધુ પડની કેન્દ્રીકૃત અને તદ્દન સ્વતંત્ર પદ્ધતિના દોષોથી મુક્ત હોય. માલસામાન અને સેવાઓ વચ્ચે તેમજ કેન્દ્ર અને રાજ્યો અને વિવિધ રાજ્યો વચ્ચે કરવેરાનો પાયો અને કરવેરાના દર મહદંશે સમાન રહેશે. આને કારણે વહીવટ સરળ બનશે. કરપાલન સુધરશે અને આંતરરાજ્ય વેચાણ પર ટેક્સ વસૂલવો શક્ય બનશે. સાથોસાથ જે અપવાદો કરાયા છે (કેન્દ્ર માટે પેટ્રોલિયમ અને તમાકુ અને રાજ્યો માટે પેટ્રોલિયમ અને આલ્કોહોલ) તે રાજ્યોને જરૂરી સ્વાયત્તતા પૂરી પાડશે. ધારો કે આ ચીજોને જીએસટી હેઠળ લાવવામાં આવે તો પણ રાજ્યો તેમના વધારાનો ટેક્સ નાખવા મુક્ત રહેશે.

ભારત જેવા ૨૯ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલી બહુપક્ષીય લોકશાહી અને સંકુલ સમવાયતંત્ર ધરાવતા વિશાળ અને વૈવિધ્યપૂર્ણ દેશમાં ૭૫ લાખ કરદાતાઓને અસર કરનારો અને બંધારણીય સુધારો માગી લેતો આવો કાયદો ઘડવો એ વિશ્વના કરવેરાના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ સિદ્ધિ છે. ક્યારેક જીએસટીના મુદ્દે સંધાયેલી પ્રગતિની મહાનતા સમજવામાં આપણે પોતે પણ થાપ ખાઈ જઈએ છીએ. વડા પ્રધાને કહ્યું છે તેમ આ નેત્રદીપક સિદ્ધિ માટે તમામ હિતધારકો યશના અધિકારી છે. જીએસટી ભારતીય રાજકારણ અને લોકશાહીમાં પ્રવર્તતી સહકાર અને સર્વ સંમતિની ભાવનાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તે સત્વરે અમલમાં લાવવો જોઈએ.

ગેઝીયા દ્વારા બોરવેલ, લાઈટ તથા ડ્રેનેજના રીપેરીંગ તથા મેન્ટેનન્સની ફરિયાદ નિવારણ કર્યાની વિગત તારીખ ૧-૪-૨૦૧૬ થી ૨૪-૦૯-૨૦૧૬ સુધી

| અ.નં. | ફરિયાદની વિગત | કુલ ફરિયાદ | પૂર્ણ કરેલ ફરિયાદ | બાકી ફરિયાદ | ફરિયાદ પૂર્ણ કરતા લાગેલ સરેરાશ સમય |
|---|---|---|---|---|---|
| (૧) | પાણી રીપેરીંગ તથા મેન્ટેનન્સ | ૧૨ | ૧૨ | NIL | ૨ થી ૪ દિવસ |
| (૨) | લાઈટ રીપેરીંગ તથા મેન્ટેનન્સ | ૪ | ૪ | NIL | ૨ થી ૩ દિવસ |
| (૩) | ડ્રેનેજ રીપેરીંગ તથા મેન્ટેનન્સ | ૩ | ૩ | NIL | ૨ થી ૫ દિવસ |

## ગેઝીયા ન્યુઝ લેટરના જાહેર ખબરના દર (બ્લેક એન્ડ વ્હાઈટ જાહેર ખબરના ભાવ)

| ક્રમ | ફુલ સાઈઝ | હાફ સાઈઝ | ક્વાટર સાઈઝ |
|---|---|---|---|
| (૧) છેલ્લા પેઈઝમાં બહારની બાજુ | રૂા. ૨૫૦૦/- | રૂા. ૧૫૦૦/- | રૂા. ૧૦૦૦/- |
| (૨) છેલ્લા પેઈઝમાં અંદરની બાજુ | રૂા. ૧૫૦૦/- | રૂા. ૭૫૦/- | રૂા. ૫૦૦/- |
| (૩) પ્રથમ પેઈઝ અંદરની બાજુ | રૂા. ૧૫૦૦/- | રૂા. ૭૫૦/- | રૂા. ૫૦૦/- |
| (૪) અંદરના કોઈપણ પેઈઝ પર | રૂા. ૭૫૦/- | રૂા. ૫૦૦/- | રૂા. ૨૫૦/- |

**ગેઝીયા વેબસાઈટ પર જાહેરાત આપવાનો વાર્ષિક દર રૂા. ૧૦,૦૦૦/- રહેશે.**

**વિનંતી :- ન્યુઝ લેટરમાં આપના પ્રોડક્ટસના આર્ટીકલ્સ, પરિચય, સિદ્ધિ-યશ, ટીપ્સ, સજેશન, માર્ગદર્શન, હાસ્ય લેખ, મેનેજમેન્ટ અંગેના રીવ્યુ, હંમેશા આવકાર્ય છે.**

**કાશીપરા એમ.સી.**

તંત્રી : ગેઝીયા (મો) ૯૪૨૬૦૦૨૪૨૬ (ફોન) : ૨૩૨૮૭૩૭૨